સર્વ રોગ નિદાન કેમ્પ, ચિકિત્સા કેમ્પ તથા રક્તદાન કેમ્પ રાજપૂત સમાજ ભવનમાં યોજાયો

રાજપુત સમાજ ભવન સ્થિત શિવ શક્તિ મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે તા. ૨૨મી એપ્રિલના રોજ નવચંડી યજ્ઞ, આરોગ્ય ચિકિત્સા કેમ્પ તથા રક્તદાન શિબિર, ટેટ-ટાટ, હાઈકાર્ટ કલાર્કની પરીક્ષા માટેનો સેમિનાર યોજાયેલ હતો. હૃદયરોગ તથા ડાયાબિટીસ જેવા રોગોની પ્રજામાં જાગૃત્તિ આવે તે માટે નિઃશુલ્ક ઈસીજી તથા ડાયાબિટીસ ટેસ્ટ અને અન્ય રોગોનિકાન, રૂદ્રાક્ષ હોસ્પિટલ નરોડાના સહયોગથી કરવામાં આવેલ હતું. ગાયત્રી પરિવારના સહયોગથી જરૂરિયાત મંદોને નેત્ર તપાસ તથા રાહતદરે નિઃશુલ્ક ચશ્મા તથા દવાનું વિતરણ કરેલ હતું. રેડક્રોસ અમદાવાદ તરફથી ૩૧ બોટલ રક્તદાન એકત્ર થયું હતું. કાર્યકરોએ તથા અન્ય સમાજના સ્વયં સેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

માગશર માસમાં અન્નપૂર્ણા મંદિરનો જિર્ણોધ્ધાર કરાશે

મહેસાણા જિલ્લાના અંબાસણ મુકામે આશરે ૧૦૩૦ વર્ષનું પૌરાણિક અન્નપૂર્ણાનું અન્નપૂર્ણા શક્તિપીઠ ગુજરાતમાં એકમાત્ર મુખ્ય દેવ સ્થાન છે. જેનો જિર્ણોધ્ધાર આગામી માગશર માસમાં યોજાનાર છે. જેના પ્રચાર માટે ગુજરાતના જિલ્લા/તાલુકામાં અન્નપૂર્ણા આપના આંગણેનો કાર્યક્રમ યોજાવાનો છે. જિર્ણોધ્ધાર પ્રતિષ્ઠામાં આશરે ૨ થી ૩ લાખ ભૂદેવોની "બ્રહ્મ ચોર્યાસી" યોજાનાર છે. સાથે સમુહલગ્નો, સમુહ યજ્ઞોપવિત, ગુજરાતના સાધુસંતોની ઉપસ્થિત બ્રહ્મતત્વ માટેનું સંમેલન યોજાશે. ખાસ કરીને બ્રાહ્મનો, લેઉવા પટેલ, ઠક્કર વગેરે જ્ઞાતિની એક મીટીંગ તા. ૯ એપ્રિલના રોજ અંબાસણ મુકામે યોજાશે તેમ શ્રી હરેશ જાની ટ્રસ્ટીશ્રીએ જણાવેલ છે.

અમદાવાદ મુકામે ભટ્ટ મેવાડા સમાજનો ૨૭મીએ સમુહ લગ્ન, જનોઈનો કાર્યક્રમ

ભટ્ટ મેવાડા સમાજ અમદાવાદ દ્વારા ૨૭મી એપ્રિલના રોજ સમુહ લગ્ન, સમુહ જનોઈનો કાર્યક્રમ ભટ્ટ મેવાડા છાત્રાલય મીઠાખળી ખાતે યોજાશે. સમુહલગ્ન, સમુહ જનોઈમાં જોડાનારને ભીક્ષા થાળી, પિતાંબર, મંગળસુત્ર, પાનેતર વગેરે આપવામાં આવશે. શ્રી ભરતભાઈ પંડ્યા, પ્રમુખશ્રી સુરેશભાઈ ગોર, અરૂણભાઈ ઉપાધ્યાય, હરેન્દ્રભાઈ જોષી, લક્ષ્મીકાન્ત જોશી વગેરે કાર્યકમને સફળતા અપાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

સંસ્થા દ્વારા રકતદાન, વિદ્યાર્થીઓને પુરસ્કાર, વયસ્કોનું સન્માન, મહિલા તાલીમ, કોમ્પ્યુટરની તાલીમ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મહિલા પાંખ દ્વારા મહિલા ઉત્કર્ષના કાર્યક્રમ પણ યોજાય છે.

મેલડી માતાનો અગિયારમો ખાખરાવાળી સધીમાતાનો છઠ્ઠો પાટોત્સવ યોજાશે

શ્રી મેલડી માતાજીનો અગિયારમો પાટોત્સવ તથા ૧૧ કુંડી યજ્ઞ કોલવડા મુકામે તા. ૨૭મી એપ્રિલના રોજ યોજાનાર છે. તા. ૨૮મી એપ્રિલના રોજ શ્રી ખાખરાવાળી સધીમાતાજીનો છઠ્ઠો પાટોત્સવ યોજાશે. સવારે ૮ કલાકે યજ્ઞ પ્રારંભ થશે. શ્રીકૃષ્ણ હોમવાનો સમય સાંજે ૪.૩૦ કલાકે યોજાશે. રાત્રે ભાવના પંચાલના ગરબાનો કાર્યક્રમ થશે. આ કાર્યક્રમના દાતાશ્રી કમલેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (સાણંદવાળા) છે. મંદિરના ભુવાજી શ્રી અરવિંદભાઈ પટેલ ધર્મ પ્રેમીઓને દર્શનનો લાભ લેવા અપીલ કરેલ છે.

ચરાડાના સરપંચ જીતુભાઈ ચૌધરીનું ગાંધીનગર ચૌધરી સમાજ દ્વારા સન્માન

ચરાડા ગ્રામ પંચાયતના સરપંચ પદે શ્રી જીતુભાઈ ચૌધરી રસાકસી ભરી ચૂંટણીમાં વિજયી બન્યા છે. ચૌધરી સમાજ ગાંધીનગર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી જીતુભાઈ આર. ચૌધરીએ ગામના વિકાસ માટેની ખાત્રી આપી હતી.

સેક્ટર-૨ માં રસ્તાના ડામરકામમાં પક્ષપાતી વલણ

સેકટર-૨માં રીંગ રોડને ડામર કામ કરવામાં આવ્યા છે. પરંતુ સેકટર-૨/એના અંદરના રસ્તાઓને ડામર કરવામાં આવ્યો. પરંતુ, સેકટર-૨/બીના અંદરના રસ્તા તૂટી ગયા છે. ડામર જ નથી. પથ્થર મેટલ ખુલી ગયા છે. ત્યારે ડામર રોડ કામથી આ વિસ્તારને વંચિત રાખવાનું પ્રયોજન નું હશે ? તેમ વસાહતીઓમાં તર્ક વિર્તક પેદા થયા છે. સેકટર ૨- ૨/બીના આંતરિક રસ્તા સોસાયટીઓમાં ડામર પાથરવા માટે શ્રી મનુભાઈ પટેલ વિરોધપક્ષના નેતા મહાનગર પાલિકાને રજૂઆત કરવામાં આવી છે. સેકટર -૨/એ માં વી.આઈ.પી. વ્યકિતઓનો વસવાટ હોવાથી અગ્રતાના ધોરણે ડામર થયેલ છે. અન્ય વિસ્તારમાં ક્યારે ડામરકામ થશે તે માટે માર્ગ-મકાન વિભાગને રજૂઆત કરવામાં આવી છે.

સમાજ સુરક્ષા કચેરી એમ.એસ. બિલ્ડીંગ બહુમાળીમાં ખસેડાતાં વિકલાંગોમાં આનંદ

સમાજ સુરક્ષા કચેરી એમ.એસ. બિલ્ડીંગ (બહુમાળી મકાન)ના ભોયતળિયે જૂના સચિવાલયમાંથી સ્થળાંતર કરવામાં આવેલ છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મનોજભાઈ બલાત જણાવેલ છે. ગાંધીનગર- દહેગામ-માણસા- કલોલ તાલુકાના અપંગો, વિધવા, તેમજ અન્ય સુવિધા માટે સમાજ સુરક્ષા કચેરીએ મુલાકાત લેતા હોય છે. એસ.ટી. ડેપોની બાજુમાં આ કચેરીનું સ્થળાંતર થતાં અપંગો, વિધવાઓની મુશ્કેલીનો અંત આવ્યો છે. સમાજ સુરક્ષા દ્વારા વિકલાંગ માટે દર માસે કેમ્પ યોજવામાં આવે છે. પ્રાથમિક માધ્યમિક શાળાના વિકલાંગ બાળકોને શિષ્યવૃતિ આપવામાં આવે છે. વિકલાંગને સ્વ-રોજગારી માટે સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત છૂટાછેડાના કેસોમાં જરૂરી માર્ગદર્શન સહાય આપવામાં આવેલ છે. અપંગોને ઓળખકાર્ડને વિધવાઓને સહાય આપવા માટે સમાજ સુરક્ષા કચેરીમાં વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

અંબાસણ ગામે અન્નપૂર્ણા પરિવારની દ્વીતીય મે ના રોજ બેઠક

પૌરાણિક અન્નપૂર્ણા માતાજી (અન્નપૂર્ણા શક્તિપીઠ) અંબાસણ મુકામે આવેલ છે. માગશર માસમાં ૨૧ દિવસનો લોકમેળો યોજાય છે. મા અન્નપૂર્ણા આપના આંગણેનો કાર્યક્રમ યોજાનાર છે. જે અંગેની વિસ્તૃત આયોજન કરવા માટે તા. ૬ ઠ્ઠી મે ના વૈશાખ સુદ પુનમના સવારે ૧૧.૦૦ કલાકે અન્નપૂર્ણા શક્તિપીઠ (મોટીપુર) અંબાસણ ગામે શ્રી હરેશભાઈ જાની ટ્રસ્ટીશ્રી ઈન્દુભાઈ ડી. જાની પ્રમુખ અન્નપૂર્ણા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટે જણાવેલ છે.

શાંતિ કોન્ફરન્સમાં વિવિધ ધર્મના આગેવાનો જોડાયા

અમદાવાદ, તા.૨૫

શાંતી કોન્ફરન્સના માધ્યમથી જમાતે અહેમદીયા વિશ્વભરમાં શાંતિનો સંદેશો પહોંચાડે છે. નવી દિલ્હી ખાતે યોજાયેલી શાંતિ કોન્ફરન્સમાં જમાતે અહેમદીયાના વડા હજરત મિરઝા મશહૂરે જણાવ્યું હતું શાંતિ કોન્ફરન્સમાં વિવિધ ધર્મ સંપ્રદાયના આગેવાનો એક મંચ પર એકત્ર થયા હતા. સૈયદ નનવીર અહેમદની અધ્યક્ષતામાં યોજાયેલી પીસી કોન્ફરન્સમાં વિદ્યાર્થીઓ, સામાજિક કાર્યકરો, ઉદ્યોગપતિઓ તથા રાજકીય આગેવાનો સહિત વિવિધ ધર્મના આગેવાનો જોડાયા હતા અને સૌએ એક મંચ પર એકત્ર થઈ એકતાનું પ્રતિક રજૂ કર્યુ હતું.

કોન્ફરન્સમાં ઉપસ્થિત આઈએએસ અધિકારી મહેમુદ અહેમદે જણાવ્યું હતું કે જમાતે અહેમદીયાના વડા બરાક ઓબામા, ઈરાનના રાષ્ટ્રપતિ, ઈઝરાયેલ અને કેનેડાના વડાપ્રધાનને વિશ્વભરમાં શાંતિ પ્રવર્તે તેવા પ્રયત્નો કરવા જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો અભિવાદન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

આજે ગાંધીનગરમાં ગુજરાત પ્રદેશ અતિપછાત સમાજના ઉપક્રમે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો અભિવાદન સમારોહ યોજાશે.

બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડને વર્તમાન અંદાજપત્રમાં સ્વાયત્ત નિગમ તરીકે રૂપાંતરિત કરીને અતિપછાત સમાજનો સર્વાંગી વિકાસ કરવાના પરિણામકારી અભિગમ બદલ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવશે.

તા. ૨૬-૪-૨૦૧૨, ગુરૂવાર સવારે ૧૦.૩૦ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર, સેક્ટર-૧૭ ખાતે અભિવાદન સમારોહ યોજાશે. જેમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા, શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા સહિત મંત્રીમંડળના સદસ્યો અને પાર્ટીના વરિષ્ઠો ઉપસ્થિત રહીને પ્રોત્સાહક માર્ગદર્શન આપશે.

આ અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહીને આયોજનને સફળ બનાવવા શ્રી બેચરસ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી પૂનમભાઈ કે. મકવાણા, બોર્ડના સદસ્યો તથા સત્કાર સમારોહ સમિતિ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

...ને ટેનિસમાં ભલભલા ખેરખાંઓને ધૂળ ચટાવી દેતો અશોક ગજજર પળવારમાં જ મોત સામે હારી ગયો

(અતુલ અમીન દ્વારા), ગાંધીનગર, તા. ૨૫

માણસ ગમે તેટલો મોટો થઈ જાય, 'હું' માં રાચતો થઈ, ઈશ્વર સમક્ષ તેની કંઈ જ વિસાત નથી. રવિવારે સેક્ટર-૨૧ના જીમખાનાના ટેનિસકોર્ટ પર ઈશ્વરે તેની મહત્તાને દર્શાવી એક જીવતા જાગતા, રમતા વ્યક્તિને નિર્જીવ બનાવી દિધો. હું મારા સાથીઓ સાથે ટેનિસ કોર્ટ પર પ્રેકટીસ કરી રવિવારની રજાને માણી રહ્યો હતો ત્યારે થોડીક વાર માટે મારી પાસે આવીને બેઠેલા મિત્ર અશોક ગજજરને હૃદયરોગનો એટલો જોરદાર હૂમલો આવ્યો કે તેને કોઈપણ પ્રકારની સારવાર મળે કે અમે મિત્રો કંઈ કરી શકીએ તે પહેલા તો તે અનંત યાત્રાએ ચાલી ગયો.

જીમખાનાના ટેનિસ કોર્ટ પર ટેનિસ રમતી વખતે જ આવેલા હૃદયરોગના જોરદાર હૂમલાએ અશોક ગજજરનો ભોગ લીધો... મિત્રો-સ્નેહીઓમાં માતમ

મિત્રોમાં અશોક 'સમ્રાટ'ના નામે જાણીતો અશોક ગજજર ટેનિસનો ખુબ અચ્છો ખેલાડી અને કોચ. નિત્યક્રમ મુજબ રવિવારે પણ તેઓ પૂર્વમંત્રી વિપુલ ચૌધરીના ફાર્મહાઉસ ખાતે ટેનિસની દોઢ કલાક પ્રેકીટસ કરી સવારે સાડા આઠે સચિવાલય જીમખાના આવી હરહંમેશની આદત મુજબ મિત્રો સાથે ગોષ્ઠિ કરી. હરહંમેશ સૌને મદદરૂપ બનતા અશોક ગજજર મિત્રો માટે સહાયક, રાહ ચિંધનારા બન્યા છે. પૂર્વમંત્રી વિપુલ ચૌધરી ઉપરાંત શહેરના નામાંકિત તબીબો ડૉ. જયેશ શાહ, ડૉ. અમીમ શાહ, મહેન્દ્રભાઈ ગજજર, બિલ્ડરો અમરીષ વ્યાસ, નિલય દેસાઈ, જીતુભાઈ સોની, પિયુષ શાહ અને ધર્મેન્દ્ર ત્રિવેદી ઉપરાંત અનેક સરકારી અધિકારીઓને તેમણે ટેનિસનું કોચિંગ આપ્યું. રવિવારે પણ નિખિલેશ દેસાઈને પાર્ટનર બનાવી, રાજુભાઈ ઠક્કર અને મારી સામે ટેનિસનો એક-એક સેટ રમ્યા બાદ અશોક ગજજર મારી સાથે વાતોએ વળગ્યો. થોડાક સમય અગાઉ તેણે મારી પાસેથી ચકલીનો માળો લીધો હતો. મે તેને તે માળો થોડીક વધુ ઉંચાઈ પર બાંધવાનું કહ્યું હતું. માળો ઉંચે બાંધ્યા બાદ ચકલો ચકલી આવે છે તેવી વાત કરતા કરતા જ તે પાછળ ઢળી પડ્યો. ન કોઈ દુઃખાવાની ફરિયાદ, કે ન કોઈ અન્ય લક્ષણો... મે છાતી દબાવી પમ્પીંગ કર્યું, ગાલ થપથપાવ્યા પરંતુ અશોકે કંઈજ જવાબ ન આપ્યો... હેમંત વ્યાસની ભુમ સાંભળી હરિશ આસનાની કોર્ટ છોડી અમારી પાસે દોડી આવ્યા. જીવનરક્ષક દવા 'સોરબીટેડ' આપવાનો તેમણે પ્રયાસ કર્યો, ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી. તરંત જ અમે મિત્રો તેની સાથે જ હોસ્પિટલ પહોંચ્યા. ડોકટરો, નર્સો કામે લાગ્યા. ઈસીજી લીધો, ઈલેકટ્રીક શોક આપ્યો, દવાઓ-ઈન્જેકશનો આપ્યા પરંતુ વધુ જ વ્યર્થ, ટેનિસ કોર્ટમાં સતત ઝઝુમી જીત મેળવતો અમારો મિત્ર અશોક ગજજર મોત સામે હારી અનંત યાત્રાએ જવા નીકળી ગયો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારની અનુસુચિત જાતિઓની રીઝર્વેશન પોલીસી અને આર્થિક અને સામાજીક વિકાસના અમલીકરણ માટેની સમીક્ષા બેઠક રાષ્ટ્રિય અનુસુચિત જાતિ આયોગના સભ્ય શ્રી રાજુભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને મહાનગર પાલિકા કચેરીના વિડિયો કોન્ફરન્સ હોલમાં મળી હતી.આ બેઠક બે તબક્કામાં યોજાઈ હતી. -થમ બેઠકમાં રાષ્ટ્રિય અનુસુચિત જાતિ આયોગના સભ્ય શ્રી રાજુભાઈ પરમાર સાથે અનુસુચિત જાતિઓના મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓના વેલ્ફેર એસોસીએશન, કોર્પોરેશનના કોર્પોરેટરશ્રીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના -તિનિધિશ્રીઓએ ચર્ચાવિમર્શ કર્યો હતો. સભ્યશ્રી રાજુભાઈએ બીજા તબક્કાની બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી સી.આર.ખરસાણ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે અનુસુચિત જાતિઓના કર્મચારીઓની રિઝર્વેશન પોલીસી અને સર્વિસ સેફગાર્ડ અને કલ્યાણ યોજનાઓ સહિત -થમ બેઠકના મહત્વના મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી.

વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રીબ્યુનલમાં વેકેશન

ગાંધીનગર, તા. ૨૫

વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રીબ્યુનલ, અમદાવાદનું કામકાજ નાળાની રજાઓ દરમિયાન તા. ૧૪-૫-૨૦૧૨થી ૧૦-૬-૨૦૧૨ સુધી બન્ને દિવસ સહિત બંધ રહેશે.

ટ્રીબ્યુનલના રજીસ્ટ્રારની કચેરી વેકેશન દરમિયાનમાં જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦-૩૦થી સાંજે ૬-૧૦ સુધી ખુલ્લી રહેશે તેમ રજીસ્ટ્રાર, ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રીબ્યુનલ, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

કોળી સમાજનું ગૌરવ વધારવા માટે મુખ્યમંત્રીનું ભાવભર્યું અભિવાદન

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું આજે સમગ્ર ગુજરાતના કોળી સમાજના અગ્રણીઓએ તેમના સમાજના સામાન્ય કાર્યકર્તાને સંસદમાં પ્રતિનિધિત્વ આપીને રાજસભાના સાંસદ તરીકે નિયુક્તિ કરી જે ગૌરવ અપાવ્યું છે ભાવભર્યું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીએ કોળીસમાજ જેવા પછાત સમાજોના સર્વાંગી ઉત્કર્ષ માટે શિક્ષણને અગ્રીમતા આપવાની સાથે વ્યસન મૂકિત - સામાજિક દુરિવાજોથી મૂકત થવાનું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાતના વર્તમાન બજેટમાં કોળીસમાજ સહિત બક્ષીપંચ જાતિના બાળકોના શિક્ષણ-આવાસ સુવિધા માટે નવા છાત્રાલયો બાંધવા રૂા. ૧૦૦ કરોડની ફાળવણી રાજય સરકારે કરી છે તેની રૂપરેખા પણ તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતે સૌને સાથે રાખી સૌના વિકાસનો નવો મંત્ર આપનાવ્યો છે તેની ભૂમિકા આપતાં બક્ષીપંચ તથા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગોને વિકાસમાં ભાગીદાર બનાવવાની નેમ વ્યકત કરતા વિકાસ માટે આ સમાજ પણ શિક્ષણ સેવા જાગૃતિ દર્શાવે તેની આવશ્યકતા સમજાવી હતી.

પેથાપુરમાં ૪૦૦ વર્ષ પુરાણું બાવન દેરી જિનાલય

અમદાવાદથી ૩૦ કિ.મી. દુર અને ગાંધીનગરથી ફકત ૫ કિ.મી. દુર બાવનદેરી જિનાલય એટલે કે બાવનદેરી સાથેનું જૈન દેરાસર પેથાપુર ગામની જાહોજલાલીની સાક્ષી પુરે છે. ૪૦૦ વર્ષ પૂર્વે પ્રાચીન શિલ્પકલાના આદર્શ નમુના રૂપ અતિભવ્ય નયનરમ્ય શિખરબંધી જિનાલય બંધાવીને તે વખતના ઈજનેરો અને જૈન શ્રેષ્ઠીઓએ પોતાની આગવી સુઝ-બુઝનું ઉદાહરણ પુરું પાડ્યું છે. તે સમયે પેથાપુરની આજુબાજુના ૫૦ માઈલ વિસ્તારમાં આવું કોઈ જિનાલય ન હોતું. લોકવાયકા એવી સાક્ષી પુરે છે કે અમદાવાદના શેઠશ્રી હઠીસિંહના દેરાસરની કલ્પના પણ આ ભવ્ય જિનાલયને જોઈને ઉદ્ભવી હતી. પણ કાળના અવિરત પ્રવાહની સામે કોઈ બચી શકયું નથી. કુદરતને પેથાપુરની આ જાહોજલાલી મંજુર ન હતી કે કાળનો પોતાનો વિકરાળ પંજો આ ધરતી પર ત્રાટકયો. પરદેશી રાજાના હુમલા થયા અને તેમાંથી આ પવિત્ર ધરતી પર બિરાજતી પવિત્ર પ્રતિમાઓની હેરાફેરી કરવી પડી. સંવત ૧૯૫૬ના ભયંકર દુકાળે આ ધરતીના રહીશોને વેરણ છેરણ કરી નાંખ્યા અને આર્થિક સંકળામણ દુર કરવા વતન છોડીને દુર દુર ચાલ્યા ગયા. પાવન ધરતી ખાલી થઈ ગઈ. તે સમયે પેથાપુરમાં ૫૦૦ ઘર જૈન સમાજના હતા. અને જૈન સમાજનો એટલો પ્રભાવ હતો કે નગર શેઠ નદી કિનારે જતા તો આ વિસ્તારમાં માછલી પકડવાની કોઈ હિંમત કરી શકતું ન હતું. પણ સમૃદ્ધિ અને ધાર્મિકતાના શિખરે પહોંચેલું પેથાપુર દુઃખના ડુંગરમાં દબાઈ ગયું. શ્રેષ્ઠીઓએ ગામનઅલવિદા કરી અને જે શ્રાવકો અને શ્રેષ્ઠીઓ રહ્યા તેમણે આવડત પ્રમાણે ધર્મ અને જિનાલયની સુરક્ષા કરવા તનતોડ પ્રયત્નો કર્યા અને જૈન ધર્મના ગૌરવને સાચવી રાખ્યું. ગામમાં એક સમયે વેપાર વાણિજ્યનો વિકાસ થયેલો હતો. ધંધાની સાથે ધર્મ પણ સોળે કલાએ ખીલ્યો હતો. ત્યાં ધીમેધીમે ઓટ આવવા લાગી. જિનાલયના વિશાળ ઉપાશ્રયોમાં મોટા આચાર્યો, ભગવંતો પોતાના વિશાળ પરિવાર સાથે બિરાજતા. ધર્મની મહત્તા સમજાવતા, પ્રવચનો આપતા, જોરદાર શાસન પ્રભાવનાઓ થતી, શ્રમણીવૃંદ પણ જ્ઞાન, ધ્યાન અને સંયમ વડે જીવનને સુવાસિત કરતા. શ્રીમંતો દાન- ધર્મને સખાવતો દ્વારા જીવનની સાર્થકતા અનુભવતા. આજે બાવન જિનાલયમાં મુખ્ય ગભારામાં શ્રી સુવિધિનાથ ભગવાન મુખ નાયક તરીકે બિરાજે છે. તેમજ કુલ ૧૭૮ પ્રતિમાઓ હાલ પણ જિનાલયમાં બીરાજે છે.

(૧) દેરી નં. ૧૨ જેમાં શ્રી અજીતનાથ પ્રભુની પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં તો છે જ પરંતુ જેના જમણા હાથમાં નવકારવાળી માળા તથા ડાબા હાથમાં પાત્ર (કમંડર) હોય તેવી પ્રતિમા આખા ભારતમાં કોઈ જગ્યાએ નથી.

(૨) દેરી, નં. ૨૦માં શ્રી સુમતિનાથ પ્રભુ જે કલ્પવૃક્ષમાં બિરાજમાન છે તેની બંને બાજુ ચોમેર ઢાશીતીર્થ નીચેની ગાદી પ્રતિમા સર્વ એક જ પીસમાં કોઈપણ જાતના સાંધા સિવાયની જે પણ ચમત્કારી ગણાય છે.

(૩) ભોંયરામાં બિરાજમાન શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુજી જે ત્રિફણા પણ ગણાય છે જે પ્રતિમાના ખભા ઉપરથી બંને બાજુ ફણા ફેલાયેલી છે. આવી પ્રતિમા આખા ભારતમાં ત્રણ જગ્યાએ છે. ૧) બિહાર ૨)ઉજજૈન ૩) પેથાપુરમાં આ ચમત્કારી મૂર્તિનો ઘણા શ્રાવકોને પ્રત્યક્ષ અનુભવ થયો છે.

(૪) દેરાસરના ઉપરના ભાગે શ્રી પદ્મપ્રભુસ્વામીની કલ્પવૃક્ષમાં બિરાજમાન મૂર્તિ છે. સામે ધર્મ રક્ષક દેવ માણિભદ્રની બહુ જ પુરાણી પ્રતિમા બિરાજમાન છે તથા ઘંટાકર્ણવીરનું મંદિર તો ખરું જ. ગામમાં બીજા બે દેરાસર આવેલા છે. જેમાં મહાવીર સ્વામી પ્રભુ અને શ્રી સંભાવનાથ પ્રભુ બિરાજમાન છે.

પેથાપુર બાવન જિનાલયની તીર્થ ધામ તરીકે પણ મુલાકાત લેવા જેવી ખરી. બાવન જિનાલય દેરાસર સવારે ૬.૦૦ થી સાંજે ૭.૩૦ સળંગ ખુલ્લુ રહે છે. અહીં ભોજન શાળાની પણ વ્યવસ્થા છે. આવા ભવ્ય જિનાલય- પ્રભુના દર્શન કરી પાવન થઈએ.

- પોપટલાલ એસ. પ્રજાપતિ

ડુંગરી ગરાસીયા સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા ખાતે શ્રી ડુંગરી ગરાસીયા વિકાસ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં પાંચમા સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહલગ્નોત્સવમાં ૩૫ જેટલા નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડી નવજીવનની શરૂઆત કરી હતી.

ભિલોડા ખાતે યોજાયેલા પાંચમા સમૂહલગ્નોત્સવમાં ૩૫ નવ યુગલોમાંથી એક નવયુગલ સમાજના સભ્યો માટે અને સમગ્ર સમાજ માટે ઉદાહરણરૂપ બન્યું હતું. આદીવાસી આઈ.એ.એસ. યુવાને પોતાની કેડરને ધ્યાનમાં ન રાખી એક આમ આદમીની જેમ સમૂહલગ્નમાં જોડાઈને પોતાની પી.ટી.સી. થયેલી પત્ની સાથે પ્રભુતામાં પગલા પાડ્યાં હતાં. રાજપીપળામાં આસીસ્ટન્ટ કલેકટર તરીકે ફરજ બજાવતા વિજય ખરાડી પોતે આદીવાસી સમાજના છે. તેણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સમૂહલગ્નથી થતો પૈસાનો બચાવ અને અન્ય ફાયદા સમજાય તેવું ઉદાહરણ બનવા અને ઊંચી પોસ્ટ હોવા છતાં સમૂહલગ્નમાં લગ્ન કર્યા હતા. જે સમગ્ર સમાજ માટે નવ પ્રેરણાનું પગલું હતું.

ડુંગરી ગરાસીયા સમૂહ લગ્નોત્સવમાં સમાજના અગ્રણીઓ, સમાજ સેવકો, ધારાસભ્ય અશ્વિન કોટવાલ, અનિલ જોષીયારા, બી.ડી. ડામોર નિલાબેન મરડીયા અને વી.વી. પારધી સહિત ઘણાખરા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૪

સૂર્યાસ્ત : ૦૭.૦૩

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.

લઘુતમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

હિંદી પક્ષ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૨.૩૦
વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
હેટ સ્ટોરી : ૫.૩૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦
હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

હિને મેડ્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- શિલોર ત્રિવેદી

મેષ : સ્નેહીજનથી મુલાકાત થઈ શકે છે. કાર્યોમાં ઉન્નતિ થઈ શકે છે. સ્ફૂર્તિ અને જોશ સાથે તમે આગળ વધશો. ધાર્મિક બાબતે રુચિ વધશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

વૃષભ : નવી કાર્યયોજના થઈ શકે છે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ જણાય. માન-સન્માન પ્રાપ્ત થાય.

મિથુન : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકે છે. શત્રુઓથી હાનિ થવાની આશંકા છે. કોર્ટ- કચેરીની બાબતોમાં સફળતા મળી શકે છે.

કર્ક : નવા સંબંધો બની શકે છે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર- વ્યવસાયમાં કાળજી રાખવી. સમય સાનુકૂળ.

સિંહ : યાત્રા પ્રવાસ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓ હળવા મળવાનું થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે. નવા સંબંધો બની શકે છે.

કન્યા : સામાજિત ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોમાં તમે આગળ વધી શકશો.

તુલા : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. માતા- પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધો લાભદાયી સાબિત થઈ શકે છે.

વૃશ્ચિક : આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી લેવી. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થતી જણાય. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

ધન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થ